# Telephone conversation between PM and Prime Minister of the Socialist Republic of Vietnam

April 13, 2020

## વડાપ્રધાન અને સમાજવાદી ગણરાજ્ય વિયેતનામનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 13, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સમાજવાદી ગણરાજ્ય વિયેતનામનાં વડાપ્રધાન મહામહિમ શ્રી નગુયેન ક્ષુઆન ફુક સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિ અંગે અને આ પડકારને સંબોધવા લેવામાં આવી રહેલા પગલાઓની ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓ આવશ્યક તબીબી સાધનોનાં પૂરવઠાઓ સહિત કોવિડ-19 સામેની લડાઈમાં દ્વિપક્ષીય જોડાણ માટેની સંભાવના પર સંમત થયા હતા. તેઓ પરસ્પરનાં ક્ષેત્રોમાં હાજર એકબીજાનાં નાગરિકોને જરૂરી સહાયતા પ્રદાન કરવા પણ કટિબદ્ધ થયા હતા.

બન્ને નેતાઓએ ભારત અને વિયેતનામ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીની અગત્યતા પર ભાર મૂક્યો હતો, અને વિવિધ મોરચાઓ પરની તાજેતરની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓએ પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય રીતે વિકસતિ પરિસ્થિતિઓની પણ સમીક્ષા કરી હતી.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે મહામારીનાં પ્રતિભાવનાં પગલાઓ પર સંકલન માટે, તથા દ્વિપક્ષીય સંબંધોનાં અન્ય પાસાઓ પર આવનારા દિવસોમાં તેઓની ટીમો સંપર્કમાં રહેશે.

વડાપ્રધાને વર્તમાન કટોકટી દરમિયાન વિયેતનામનાં લોકોનાં આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 13, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.